# પ્રવૃત્તિદર્શન



- ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી દ્વારા કાર્યરત ‘તપોવન સંશોધન કેન્દ્ર’, ઈસનપુર મોટા ખાતે દિ. ૨૫-૦૬-૧૩ ના રોજ યુનિવર્સિટીના કાર્યકર્તાઓ મમતાબહેન શર્મા, મીનાબહેન રાવલ, હાર્દિક ભટ્ટ અને વિરલ રાવલે કેન્દ્રમાં ઉપસ્થિત ૩૬ જેટલી સગર્ભા બહેનો સમક્ષ પ્રેરક ગીતો, ધૂન અને અભિનય ગીત પ્રસ્તુત કરવાની સાથે એમને પ્રાણાયામ અને ગર્ભધ્યાન કરાવ્યું હતું. કેન્દ્રના ટ્રસ્ટી શ્રી રામચંદ્રભાઈ પટેલે પણ પ્રેરક વાતો કરી હતી.
- ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી દ્વારા કાર્યરત ‘તપોવન સંશોધન કેન્દ્રો’ ને પૂરક અને પોષક બને એવા શુભેચ્છક મંડળની રચના કરવાના હેતુસર એની સૌપ્રથમ બેઠક દિ. ૨૮-૦૬-૧૩ ના રોજ ESIS, D-36 ખાતે વિવિધ સામાજિક-શૈક્ષણિક સંસ્થાઓના આગેવાનો, સમાજસેવકો, ડૉક્ટરો અને અન્ય પ્રબુદ્ધ નાગરિકો વગેરે મળી કુલ ૩૦ જેટલા શુભેચ્છકોની ઉપસ્થિતિમાં યોજાઈ. બેઠકમાં યુનિવર્સિટીનાં સલાહકાર સુશ્રી જ્યોતિબહેન થાનકીએ ‘તપોવન’ પ્રકલ્પની સંકલ્પના, હેતુઓ અને પ્રવૃત્તિઓની માહિતી આપી હતી. કુલપતિ શ્રી હર્ષદ પ્ર. શાહે શુભેચ્છક મંડળની રચનાના હેતુઓ અને એના સભ્યો તપોવન કેન્દ્રને કઈ રીતે ઉપયોગી થઈ શકે તે અંગે વિસ્તૃત ચર્ચા કરી હતી.

  ભાવનગર ખાતે કાર્યરત તપોવન કેન્દ્ર ખાતે આવા જ એક શુભેચ્છક મંડળની રચના માટે દિ. ૦૨-૦૭-૧૩ ના રોજ બેઠક યોજાઈ હતી, જેમાં ૭૨ જેટલા શુભેચ્છકો ઉપસ્થિત રહ્યા હતા.
- દિ. ૨૯-૦૬-૧૩ ના રોજ શ્રી હરદાસબાપુ પટેલ સમાજ કલ્યાણ અને કેળવણી ટ્રસ્ટ દ્વારા પટેલ વાડી, બાપુનગર ખાતે ગર્ભસંસ્કાર પરિસંવાદનું આયોજન થયું હતું. ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કુલપતિ શ્રી હર્ષદ પ્ર. શાહના અધ્યક્ષસ્થાને યોજાયેલા આ પરિસંવાદમાં સામાજિક અને રાજકીય ક્ષેત્રના અગ્રણીઓ સહિત પાંચસો-છસો વ્યક્તિઓ ઉપસ્થિત રહ્યા હતા. અધ્યક્ષ સ્થાનેથી શ્રી શાહસાહેબે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીની સ્થાપનાથી લઈને એના વિસ્તરેલા કાર્યક્ષેત્ર તેમજ જુદા જુદા પ્રકલ્પો અને પ્રવૃત્તિઓથી સૌને માહિતગાર કર્યા હતા.



- ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી અને મહિલામંડળ, ભાવનગરના સંયુક્ત ઉપક્રમે દિ. ૦૨-૦૭-૧૩ ના રોજ 'નવદંપતી સંમેલન' નું આયોજન થયું હતું, જેમાં મહાનુભાવો ઉપરાંત ૧૪૦ જેટલાં નવદંપતીઓ ઉપસ્થિત રહ્યાં હતાં. દીપપ્રાગટ્ય અને પ્રાર્થના બાદ પ્રારંભે તર્પણાબહેન વ્યાસે મધુર દામ્પત્યજીવનની વાત કરી હતી. યુનિવર્સિટીનાં સલાહકાર સુશ્રી જ્યોતિબહેન થાનકીએ 'દેવશિશુનું આવાહન' વિષય પર બોલતાં આપણા પ્રાચીન ગર્ભસંસ્કાર દ્વારા દિવ્ય આત્માઓના અવતરણની વાતો કરી હતી. કુલપતિ શ્રી હર્ષદ પ્ર. શાહે 'ઘર એ જ સ્વર્ગ' વિષય અંતર્ગત પરિવાર ભાવનાની સદૃષ્ટાન્ત વાતો કરી હતી. દંપતીઓમાં પરસ્પર સહયોગ તેમજ અપેક્ષાની સાથે સમજણની અનિવાર્યતા પર ભાર મૂકી શ્રી શાહસાહેબે આદર્શ પરિવાર માટે આનંદ, સંતોષ અને શાંતિનો મહિમા સમજાવ્યો હતો. વક્તવ્યોને અંતે ઉપસ્થિત સૌને પ્રશ્નોત્તરી અને પ્રતિભાવો માટે સમય આપ્યો હતો. સહભાગી એવી ૩-૪ વ્યક્તિઓનો સરસ પ્રતિભાવ સાંપડ્યો હતો અને શુભ સંકલ્પો માટે માનસિકતા બની હતી.
- મણિનગર, અમદાવાદ ખાતે આવેલા કામદાર રાજ્ય વીમા યોજનાના ડી-૩૬ દવાખાનામાં ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીનું ૧૨ મું 'તપોવન સંશોધન કેન્દ્ર' શરૂ થયું, જેનું ઉદ્‌ઘાટન દિ. ૨૧-૦૭-૧૩ ના રોજ મણિનગર સ્વામિનારાયણ મંદિરના મુક્તજીવન હૉલમાં રાજ્યકક્ષાના શિક્ષણ, મહિલા અને બાળકલ્યાણ વિભાગના મા. મંત્રી શ્રી વસુબહેન ત્રિવેદીની ઉપસ્થિતિમાં થયું. આ ઉદ્‌ઘાટન કાર્યક્રમમાં અમદાવાદ નગરનાં મેયર શ્રી મીનાક્ષીબહેન પટેલ, ધારાસભ્ય શ્રી હસમુખભાઈ પટેલ અને વલ્લભભાઈ કાકડિયા, ESIS ના નિયામક ડૉ. નીતિનભાઈ વોરા, જાણીતા સાહિત્યકાર અને કટારલેખક ડૉ. શરદભાઈ ઠાકર, ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કુલપતિ શ્રી હર્ષદ પ્ર. શાહ સહિત યુનિવર્સિટીનો સમગ્ર સ્ટાફ, ESIS નો સ્ટાફ, સગર્ભા બહેનો અને નગરના ૪૦૦ જેટલા પ્રબુદ્ધ નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.



દીપપ્રાગટ્ય અને પ્રાર્થના બાદ યુનિવર્સિટીનાં સલાહકાર સુશ્રી જ્યોતિબહેન થાનકીએ 'તપોવન' પ્રકલ્પની સંકલ્પના સમજાવી. અતિથિવિશેષ સ્થાનેથી બોલતાં મીનાક્ષીબહેને 'તપોવન' પ્રકલ્પ દ્વારા નારીશક્તિ અને એના માધ્યમથી બાળશક્તિને મજબૂત કરવાની વાત કરી. શ્રી નીતિનભાઈ વોરાએ પ્રાસંગિક વક્તવ્યમાં એમને ત્યાં શરૂ થતા આ તપોવન કેન્દ્ર બાબતે ઉત્સાહ પ્રગટ કર્યો. કુલપતિ શ્રી હર્ષદ પ્ર. શાહે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કાર્યક્ષેત્રનો વિગતવાર પરિચય આપતાં સમજાવ્યું કે એનો હેતુ કેવળ શૈક્ષણિક નહીં પણ વધુ તો સમાજના પુનરુત્થાનનો છે. મા. મંત્રીશ્રી વસુબહેન ત્રિવેદીએ આજે સમગ્ર વિશ્વની નજર ગુજરાત પર છે એમ કહેતાં ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી અને એના 'તપોવન' પ્રકલ્પની પ્રવૃત્તિઓને બિરદાવી હતી અને સરકાર તરફથી પૂર્ણ

સહયોગની ખાતરી આપી હતી. ડૉ. મેઘાબહેન શાહે ઉપસ્થિત સૌ પ્રત્યે આભારની લાગણી પ્રગટ કરી હતી.



- ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી દ્વારા કાર્યરત તપોવન સંશોધન કેન્દ્રના મુખ્ય કાઉન્સેલર તથા મદદનીશ કાઉન્સેલર બહેનો માટે દિ. ૨૯-૦૭-૧૩ થી દિ. ૩૧-૦૭-૧૩ દરમિયાન ત્રિદિવસીય પ્રશિક્ષણ વર્ગ ત્રિભુવન ફાઉન્ડેશન, આણંદ ખાતે યોજાઈ ગયો. કાઉન્સેલર બહેનો સગર્ભા બહેનોના કાઉન્સેલિંગ માટે માર્ગદર્શન મેળવે, કાઉન્સેલિંગ દરમિયાન એમને મૂંઝવતી સમસ્યાઓનો ઉકેલ મેળવે તેમજ દરેક તપોવન કેન્દ્રોમાં ચાલતી વિવિધ પ્રવૃત્તિઓ વિશે પરસ્પર ચર્ચા થાય એ હેતુથી આ પ્રશિક્ષણ વર્ગનું આયોજન થયું હતું. આ વર્ગમાં તજ્જ્ઞ તરીકે યુનિવર્સિટીના કુલપતિ શ્રી હર્ષદ પ્ર. શાહ, નિયામક ડૉ. મહેન્દ્ર ચોટલિયા, સલાહકાર સુશ્રી જ્યોતિબહેન થાનકી, પ્રોજેક્ટ કો-ઓર્ડિનેટર તર્પણા વ્યાસ તથા ડૉ. સુરેશભાઈ પટેલ, અર્કેશભાઈ જોશી, નયનાબહેન ગાડી, ડૉ. અભિષેકભાઈ, ડૉ. અપર્ણાબહેન, આશાબહેન થાનકી, ડૉ. મેઘાબહેન શાહ વગેરેએ સેવાઓ આપી હતી. પ્રશિક્ષણને અંતે કાઉન્સેલર બહેનોના ખૂબ સારા પ્રતિભાવો પ્રાપ્ત થયા હતા.